બાજખેડાવાળ પત્રિકા

बाजखेडावाल पत्रिका   Bajkhedawal Patrika

વર્ષ : ૧૮   ૨૦૨૪ : સપ્ટેમ્બર

અંક : ૯   માસિક : રૂ. ૫/-

: તંત્રી :

શ્રી જગતભાઈ એચ. દવે

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪

: પ્રકાશક :

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

સુજ્ઞ જ્ઞાતિજનો તથા બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો

જય ભારત સાથે જણાવવાનું કે બાજખેડાવાળ પત્રિકામાં અગાઉ જન્માક્ષરો ખૂબ જ પ્રમાણમાં આવતા હતા પરંતુ હાલ ઘણા બધા માધ્યમો જેવા કે, વ્હોટસએપ, ફેસબુક, મેરેજ કોન્ફરન્સ ચાલુ થયા હોવાને કારણે દિવસે દિવસે સંખ્યામાં ઘટાડો થતો જાય છે તથા ગામે ગામની પ્રવૃત્તિના જે અહેવાલ છપાતા હતા તે પણ હવે નહીવત થઈ ગયા છે જેને કારણે દરેક ગામે પોતાના વ્હોટસએપ ગ્રુપ બનાવેલ છે જે પ્રચાર પ્રસારનું માધ્યમ બનેલ છે. આપણે છેલ્લા ૬-૮ મહિનાથી પત્રિકાના અડધા પેજ છાપીને પ્રસિદ્ધ કરવાના પ્રયત્નોમાં હતા. આમ છતાં ૧૬ પેજની મેટર પૂરી પડતી નથી આવા સંજોગોમાં પત્રિકા બંધ કરવાની પણ ફરજ પડે. પરંતુ આપ સૌને પત્રિકા તો પહોંચાડવી જ છે. તેવા સંજોગોમાં નીચે મુજબની વિગતથી મોકલેલ માહિતીને સ્કેન કરી આપશ્રી પત્રિકાના વ્હોટસ અપ માધ્યમમાં જોડાઈ શકો છો.

બાજખેડાવાળ પત્રિકા માટે

BAJKHEDAWAL PATRIKA2

WhatsApp group

તંત્રી લેખ...

વ્હાલા દીકરા–દીકરીઓ

પિતા – જે દિવસે તમને લાગે કે હું ઘરડો થઈ ગયો છું ત્યારે મારી સાથે ધીરજથી કામ લેજો અને મને સમજાવવા કોશિશ કરજો.

માતા – જમતી વખતે મારા કપડાં ખરાબ થાય કે હું અસ્તવ્યસ્ત કપડાં પહેરું તો ગુસ્સે ન થતા, બૂમાબૂમ કરવાને બદલ યાદ રાખજો કે મેં તમને આ બધું શીખવવામાં દિવસો પસાર કર્યા હતા.

પિતા – ઉંમરને કારણે યાદદાસ્ત ઓછી થવાને કારણે જો એક ની એક વાત બોલ્યા કરું તો સાંભળી લેજો. તમે નાના હતા ત્યારે એક ની એક વાર્તા સાંભળવાની જીદ કરતા અને મોડી રાત સુધી જાગીને હું પ્રેમથી વાર્તા કહેતો હતો.

માતા – કદાચ હું ન્હાવાનું ભૂલી જાઉં ત્યારે યાદ રાખજો કે તમે નાના હતા ત્યારે તમને નવડાવવા માટે મારે બહાના શોધવા પડતા હતા.

પિતા – નવા જમાનાની શોધ, આધુનિક ઉપકરણો વિશેના મારા અજ્ઞાન પર હસશો નહીં પરંતુ મને સમજાવવામાં મદદ કરજો.

માતા–પિતા – ક્યારેક યાદદાસ્ત ગુમાવી બેસીએ ભૂલી જઈએ, વાતચીતમાં પૂરતું ધ્યાન ન આપી શકાય તો દુઃખી ન થશો કેમ કે અમારા માટે તો તમારી પાસે બેસવું એ જ મુખ્ય આનંદ હશે.

ક્યારેક ભોજન લેવાની ના પાડીએ તો આગ્રહ ના કરતા કારણ કે મોટી ઉંમરે ભૂખ ઓછી થાય છે.

અમે અશક્ત બની જઈએ, સરખી રીતે ચાલી ના શકીએ ત્યારે અમે તમને પા–પા પગલી ભરતાં, ચલાવતા શીખવ્યું હતું તે યાદ કરીને અમને હાથ પકડીને ચલાવજો.

અમારી લાચારી, મર્યાદાઓને સમજીને વર્તન કરશો, તો અમારું દુઃખ ઓછું થશે.

અમને સહાયરૂપ થઈને, પ્રેમભાવથી વર્તન કરીને અમારું બાકીનું જીવન પૂરું કરવામાં સહાય કરશો.

જગતના સૌ દીકરા અને દીકરીઓને માત–પિતા તરફથી અર્પણ....!

સંકલન – તંત્રી – શ્રી જગતભાઈ દવે

શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી, અમદાવાદ

૩૫મું રાષ્ટ્રીય અધિવેશન - અમદાવાદ, તા. ૨૯, ડિસેમ્બર, ૨૦૨૪

પ્રમુખશ્રીનું નિવેદન શ્રી પ્રણવભાઇ શશીકાન્તભાઈ જોષી

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ દ્વારા અમદાવાદ મુકામે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ ખાતે આયોજીત ૩૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર ભારતના ગામોમાં વસતા બાજખેડાવાળ જ્ઞાતિજનો એકમેકને મળી અને વિચારોની આપ–લે થાય. સંબંધો ગાઢ બને તથા આનંદ–પ્રમોદ કરવાનો શુભ અવસર છે. સંસ્થાનો અભિગમ આવા આયોજન થકી વધતી આવકમાંથી ખર્ચ બાદ કરતા વધતી રકમનો ઉપયોગ સમાજની વિધવા બહેનોને આર્થિક સહાય કરવાનો છે. જે ખરેખર એક અનુકરણીય કાર્ય છે. જે સહાય રૂ. ૩૦/–થી શરૂ કરી આજે પ્રતિ માસે રૂ. ૨૦૦૦/–એ પહોંચ્યા છે. આ માટે સમગ્ર જ્ઞાતિજનો તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યોનો ખૂબ જ ફાળો રહેલ છે. આ અધિવેશનમાં હાજર રહેનાર સૌ જ્ઞાતિજનોનો શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદ આભાર માને છે. અહેસાનની લાગણી અનુભવે છે અને અધિવેશન સફળ બને તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ. આવા અધિવેશન દર સાલ ગામે ગામે યોજાતા રહે અને જ્ઞાતિજનો સદાય આનંદ કરતા રહે તેવી શુભેચ્છા.

જય મહાદેવ

શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી - વલ્લભ વિદ્યાનગર

૩૫મું રાષ્ટ્રીય અધિવેશન - અમદાવાદ, તા. ૨૯, ડિસેમ્બર, ૨૦૨૪

ઉપપ્રમુખશ્રીનું નિવેદન શ્રી જગદીશભાઈ પ્રાણશંકર દવે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ દ્વારા અમદાવાદ મુકામે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ ખાતે આયોજીત ૩૫મું રાષ્ટ્રીય અધિવેશનમાં તા. ૨૯–૧૨–૨૦૨૪ના રવિવારના રોજ ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ રહેલ છે. આ તબક્કે શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ તરીકે આપ સૌને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ઈતિહાસનો હું છેલ્લા ૫૨ વર્ષથી સાક્ષી છું ખૂબ જ નાની પ્રવૃતિઓથી શરૂ કરેલ સંસ્થા આજે એક ખૂબ જ વિશાળ વટવૃક્ષ બની છે જેમાં શંકાને સ્થાન નથી. અગાઉ અધિવેશનો યોજાતા હતા જેમાં નિયમિતતા નહોતી પરંતુ યુવાન અને બાહોશ પ્રમુખશ્રી કિરીટકુમાર દવેની ૨૦૦૪ની સાલમાં પ્રમુખ તરીકે નિમણૂંક થતાં અધિવેશનની વણથંભી વણઝાર નિયમિત રીતે ચાલુ છે.

અધિવેશનો, મેળાવડાઓ, મેરેજ કોન્ફરન્સો, સમૂહ જનોઈ, નવચંડી યજ્ઞ, વડીલોનું સન્માન સમારંભ, લઘુરૂદ્ર, શરદોત્સવ, નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ જેવા કાર્યક્રમો ગામે ગામના મંડળો દ્વારા યોજાય છે. જ્ઞાતિ સમાજના જ્ઞાતિજનો એકબીજાથી નજીક આવે અને વધુ સારી રીતે જ્ઞાતિને આગળ વધારવામાં મદદરૂપ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

આ પ્રસંગેશ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા અધિવેશનને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નામી–અનામી સૌ દાતાઓ, ઉદ્‌ઘાટકશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથી વિશેષશ્રીઓને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

સૌને મારા જય માતાજી

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના – ઉદ્‌ઘાટકશ્રી

શ્રી મૌલિકભાઈ દવે (રાજા)

Chairman & Manageing Director Mobile : +91 - 9825049429

Mr. Maulik Dave is the founder Chairman & Managing Director of Dave's Group of Companies. The Group started with the inception of its first company - Harikrushna Technocreats, in the year 2000. Today HMPL is a leader in Packaging and Labelling machinery. The company started at a very small level with limited finance, infrastructure and manpower, but today it has grown of fairly good level of infrastructure with manpower strength of above 350 people. It is one of the leading companies focusing on Tie-ups and and Joint Venture with leading MNCs.

Mr. Maulik Dave and Tele-Communication Engineer, has been recognized by the State and the Nation for his Entrepreneurship and is honoured with Udyog Ratna Awards. He is an active leader in Business and social fronts with a multitude of CSR and Public Relations activities.

From a single company, today it has evolved into Dave's Group of companies with diversified businesses.

AWARDS & ACCOLADES

- "UDHYOG RATNA AWARD"-2005-06 by institute of Economic Studies, New Delhi
- "EXCELLENCE AWARD" from institute of Economics studies, New Delhi for HMPL
- "GLOBAL BUSINESS ACHIEVEMENR AWARD"-2006-2007, by Indian Economy Development & Research Association, New Delhi
- "RASHTRIYA UDYOG RATNA AWARD" - 2007-2008 by Indian Organization for Business Research & Development, New Delhi
- Gujarat Innovation Society "TREND SETTER" award,2012 for its trend setting manufacturing innovation and practices
- GUJARAT SME EXCELLENCE AWARD - 2012 for "Manufacturing Sector" for HMPL by SME Association of India.

SPECIAL ACHIEVEMENTS :

- HMPL, a Dave's Group Company, within the very First Year of its inception, was the first to achieve ISO certification in Packaging Machinery Segment
- The Group Company achieved "CE" CERTIFICATION for business association with European Countries & USA
- It is Today's one for the leading Manufacturer - Exporter of the Packaging Machinery in India

FUTURE PLAN

- DAVE'S Group of Companies, under the visionary and charismatic leadership of Mr. Maulik V. Dave and his risk taking capacity, enthusiasm, ambition and optimism, is setting new milestones in Business and Services.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના – મુખ્ય મહેમાનશ્રી

શ્રી શૈલેષભાઈ નટવરલાલ જોષી

"નટુકાકા"ના હુલામણા નામે ઓળખતા સ્વ. નટવરલાલ સોમેશ્વર જોષી અને સ્વ. જયાબેન નટવરલાલ જોષીના સુપુત્ર શ્રી શૈલેષ જોષી ગુજરાત રાજ્ય વન વિભાગમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી હાલ વ્યવસાયિક નિવૃત્તિ લઈ બીજી અનેક પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે સંકળાઈ પોતાના માતા–પિતાશ્રીના પગલે અનેક સામાજિક સેવાઓ આપી રહ્યાં છે. તેઓ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી છે. તેમજ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, અમદાવાદના પણ ટ્રસ્ટી છે. છેલ્લા ૩૧ વર્ષથી તેઓએ જ્ઞાતિમાં અનેક જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈ શક્ય એટલા મદદરૂપ થવાના પ્રયત્નો કર્યા છે. તેમના પત્ની વર્ષા પણ આવા જ ઉત્સાહી, મૃદુભાષી અને પરગજુ સ્વભાવના છે. તે પોતે પણ સ્વતંત્ર રીતે ઘણી બધી સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. સ્વ. નટવરલાલ જોષી પરિવાર ટ્રસ્ટની સખાવતી પ્રવૃત્તિઓમાં પણ વર્ષાબેન અગ્રેસર રહે છે. તેમના ત્રણ પુત્રો પૈકી પુત્ર વરૂણ તેના પરિવાર સાથે ફિલપિન્સ ખાતે યુ.એસ. કંપનીમાં સીનીયર પોસ્ટ ઉપર ફરજ બજાવે છે. હાલ વરૂણભાઈને ત્યાં ૨ વર્ષનો શિવાત્મ નામે પુત્ર છે. પ્રિયાંક આઈ.આઈ.ટી. દિલ્હીમાં રીસર્ચ સ્કોલર કમ ટીચીંગ ફેકલ્ટી તરીકે ફરજ બજાવે છે. નાનો પુત્ર મહર્ષિ અભ્યાસ સાથે સંગીતમાં વિશેષ રૂચિ લઈ ખૂબ જ આગળ પોતાની કારકિર્દી વધારી રહેલ છે.

આ સમગ્ર કુટુંબ જ્ઞાતિ માટે પોતાની ફરજ સમજી અતિ વ્યસ્તતામાંથી પણ સમય કાઢી મદદરૂપ થઈ એક દૃષ્ટાંત પુરૂ પાડે છે. આ કુટુંબની સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રોત્સાહિત થઈ જ્ઞાતિજનો પણ પ્રેરણા મેળવે અને જ્ઞાતિને મદદરૂપ થાય તેવી આશા છે.

શ્રી શૈલેષભાઈ દ્વારા છેલ્લા ૧૫ અધિવેશનથી રૂ. ૩૧૦૦૦/–નું સૌજન્ય દર સાલ અવિરતપણે મળે છે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - મુખ્ય મહેમાનશ્રી

શ્રી વૈશાલી સમીર દવે

શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવેનો જન્મ ૧૯૮૩માં ડેમોલ આણંદ ખાતે થયો હતો.

તેઓશ્રીના પિતા સ્વ. સતિષચંદ્ર મોહનલાલ દવે (જલારામ ડેરી, ડાકોર) અને માતા - ઉર્મિલાબેન સતિષચંદ્ર દવે છે. તેઓશ્રીએ પોતે એમ.કોમ. સુધીનો અભ્યાસ ડાકોર ખાતેની ભવન્સ કોલેજમાં કરેલ છે. હાલ ડાકોર સ્થિત જલારામ ડેરીનું સંચાલન વૈશાલીબેનના ભાઈશ્રી મેહુલ સતિષચંદ્ર દવે કરે છે.

વૈશાલીબેનના લગ્ન સુભાષચંદ્ર અંબાલાલ દવે અને જયશ્રીબેન સુભાષચંદ્ર દવે, ગંગાપોળ, ઉમરેઠના સુપુત્ર સમીર સુભાષચંદ્ર દવે સાથે વર્ષ ૨૦૦૫માં થયા. હાલ તેઓ અમદાવાદ મુકામે વસવાટ કરે છે. સમીર સુભાષચંદ્ર દવે બી.કોમ., એલ.એલ.એમ.-અમદાવાદ અભ્યાસ કરેલ છે અને હાલ વ્યવસાયે એડવોકેટ છે. તેઓશ્રી જ્ઞાતિના સેવાકાર્ય માટે સદાય તૈયાર હોય છે. સમીરભાઈ જ્ઞાતિની અનેક સંસ્થાઓમાં તેમની સેવાઓ પૂરી પાડે છે.

વૈશાલીબેનને સંતાનરત્નમાં ૨ દિકરીઓ છે (૧) માર્મિકા સમીર દવે જેનો જન્મ ૨૦૦૭માં થયેલ છે. તે હાલ ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે. (૨) સ્વસ્તિકા સમીર દવે જેનો જન્મ ૨૦૧૨માં થયેલ છે તે હાલ ધોરણ-૭માં અભ્યાસ કરે છે.

તેઓના પરિવારે ૩૫માં રાષ્ટ્રીય અધિવેશનને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના – મુખ્ય મહેમાનશ્રી

શ્રી હેતલ મેહુલકુમાર દવે

જન્મતારીખ : ૨૮–૦૯–૧૯૮૬

અભ્યાસ : બી.કોમ.

મૂળવતન : અમદાવાદ

હેતલબેનના પિતા જીતેન્દ્રકુમાર ડાહ્યાલાલ દવે અને માતા મનીષાબેન જીતેન્દ્રકુમાર દવે છે.

હેતલબેનના લગ્ન ડાકોર નિવાસી સ્વ. સતીષચંદ્ર મોહનલલાલ દવે તથા ઉર્મીલાબેન સતીષચંદ્ર દવેના સુપુત્ર મેહુલકુમાર સતીષચંદ્ર દવે સાથે ૨૦૦૮માં થયા મેહુલકુમાર દવે ડાકોરની પ્રખ્યાત શ્રી જલારામ ડેરીનું સંચાલન કરે છે. હેતલબેન સક્રીય રીતે સાથ આપે છે.

હેતલબેનને સંતાનમાં એક પુત્ર કશ્યપ છે જે હાલમાં ધોરણ–૧૦માં અભ્યાસ કરે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના – અતિથિ વિશેષશ્રી

શ્રી છાયાબેન દવે (મુંબઈ)

શ્રી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજ એટલે સમગ્ર મુંબઈ જ્ઞાતિ સમાજ કહી શકાય. શ્રી છાયાબેનના સસરા સ્વ. શ્રી વિષ્ણુભાઈ ભીમભાઈ દવે એ બાજખેડાવાળ જ્ઞાતિ સમાજનું એક સામાજિક અને સમૃદ્ધ વ્યક્તિત્વ ગણાતું મુંબઈમાં બાજખેડાવાળ સમાજને એકત્રિત અને જીવંત રાખનાર છાયાબેનના કુટુંબીજનોની સામાજીક પ્રવૃત્તિઓમાંથી છાયાબેનને સામાજિક કાર્યની પ્રેરણા મળી તે પ્રેરણાને છાયાબેને જીવંત રાખી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજનું નેતૃત્વ સ્વીકારી મુંબઈ ખાતે વર્ષોથી પોતાની સેવાઓ આપે છે. તે જ રીતે જ્ઞાતિના અન્ય મંડળો જેવા કે અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના સભ્ય તરીકે સેવાઓ આપે છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના સભ્ય તરીકે સેવાઓ આપે છે. આજે બોરીવલ્લી સમાજમાં વાર તહેવારે કાર્યક્રમો દ્વારા ભારતની આર્થિક નગરી ગણાતા મુંબઈમાં વસતા જ્ઞાતિજનોને એકત્રિત કરી જ્ઞાતિજનોમાં એકતાને જીવંત રાખવાનું કાર્ય કરી રહેલ છે. તેઓ તેમના તરફથી શક્ય તેટલું યોગદાન જ્ઞાતિસમાજના વિવિધ મંડળોને આપતા રહ્યા છે. ગમે તે સ્થળે અધિવેશન હોય કે સંમેલન, ધાર્મિક કાર્ય હોય કે સામાજિક કાર્ય, છાયાબેનની હાજરી અચુક જોવા મળે આવા ઉત્સાહી છાયાબેન હાલ મુંબઈના બોરીવલ્લીમાં વસવાટ કરે છે.

શ્રી છાયાબેન તરફથી વર્ષોપર્યંત રૂ. ૧૧૦૦૦/–ની આર્થિક મદદ મળે છે અને વિશેષતા તે છે કે દરેક અધિવેશનમાં પ્રત્યક્ષ હાજરી આપે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના – અતિથિ વિશેષશ્રી



શ્રી કિરણકુમાર રતિલાલ પંડ્યા

પ્લોટ નં. ૩૫૯/૧, સેક્ટર–૫–એ, ગાંધીનગર–૩૮૨૦૦૬.

કિરણકુમાર આર. પંડ્યા, મૂળવતન–ઉમરેઠ, કેશવરાયજીનો ખાંચો, તુળજા માતા પાસે પરંતુ હાલમાં તેઓ ગાંધીનગર સ્થાયી થયેલ છે. તેમનો જન્મ તા. ૨૦–૯–૧૯૫૪ના રોજ ભરૂચ મુકામે મોસાળમાં શ્રી રતિલાલ ઠાકરને ત્યાં થયો હતો. તેઓનું બાળપણ રાધનપુર અને ત્યારબાદ મહુધા પાસે ૧૫૦૦ની વસ્તી ધરાવતા નાની ખડોલ ગામમાં પસાર થયેલું. મેટ્રીક સુધીનો અભ્યાસ નાની ખડોલ ગામમાં પૂર્ણ કર્યા બાદ પ્રિ–સાયન્સ અને બી.ઈ. (સીવીલ)નો અભ્યાસ વલ્લભવિદ્યાનગર બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં જ્ઞાતિના છાત્રાલયમાં રહી મોસાળ પક્ષની હૂંફ સાથે સને ૧૯૭૧ થી ૧૯૭૭ દરમ્યાન પૂર્ણ કરેલ.

તેમના પિતાશ્રી સ્વ. શ્રી રતિલાલ સોમેશ્વર પંડ્યા નાની ખડોલ ગામની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપી સને ૧૯૮૫માં નિવૃત્ત થયેલ. ટૂંકી આવક હોવાથી શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી લોન મેળવી બે પુત્રો તથા બે પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપેલ. તેમના માતૃશ્રી સ્વ. હસુબેન સાદગીપૂર્ણ જીવન જીવનાર અને ધાર્મિક હતા.

કિરણભાઈ પંડ્યાએ અભ્યાસપૂર્ણ કરી ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં મદદનીશ ઈજનેર તરીકે નોકરી ચાલુ કરેલ. ગાંધીનગર, ધાનેરા, મોડાસા, ઈડર તથા અમદાવાદ જેવા વિવિધ સ્થળોએ ફરજ બજાવી છેલ્લે કાર્યપાલક ઈજનેર તરીકે તા. ૩૦–૦૯–૨૦૧૨ના રોજ અમદાવાદથી નિવૃત્ત થયેલ. તેમના લગ્ન સુરતના શ્રી શશીકાંત જે. પંડ્યા અને અ.સૌ. વિદ્યાબેનની જ્યેષ્ઠ પુત્રી મિતા સાથે ૧૯૮૦માં થયા હતા. ૪૪ વર્ષના સુખમય દાંપત્ય જીવનમાં તેઓના બે સંતાનોમાં મોટા પુત્ર ચિ. પાર્થ બી.ઈ. (સીવીલ) હાલમાં ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં પુત્રવધુ અ.સૌ. ફોરમ (અમદાવાદ) અને લાડલી પૌત્રી ચિ. નિવા (૧૪ વર્ષ) અને પૌત્ર ચિ. ધનુષ (૬ વર્ષ) સાથે સ્થાયી થયેલ છે. નાના પુત્ર ચિ. જગત બી.ઈ. (કમ્પ્યૂટર) થઈ અમદાવાદમાં સીગ્નેક્સ ડેટા મેટ્રીક્સમાં નોકરી કર્યા બાદ જાન્યુઆરી, ૨૦૧૫થી એચ–૧ વિઝા પર અમેરિકામાં પુત્રવધુ અ.સૌ. અવની (વિદ્યાનગર) તથા પૌત્ર ચિ. દિવમ્ (૧૧ વર્ષ) તથા ચિ. આરીત (૮ વર્ષ) સાથે પેન્સીલવેનીયામાં સ્થાયી થયેલ છે.

કિરણભાઈ પંડ્યા હાલમાં ગાંધીનગર બાજખેડાવાળ મંડળના પ્રમુખ તરીકે સને ૨૦૧૦–૧૧થી સેવા આપે છે અને અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીના કારોબારી સભ્ય છે. સળંગ આઠમાં વર્ષે તેઓએ રૂ. ૧૧,૦૦૦/– ૩૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં અતિથિ વિશેષ તરીકે આપેલ છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - અતિથિ વિશેષશ્રી

શ્રી ધવલકુમાર નવીનચંદ્ર ત્રિવેદી

જન્મતારીખ : ૩૦-૦૮-૧૯૭૬

મૂળ વતન : સલુણ

અભ્યાસ : બી.એ., એલ.એલ.બી.

ધવલકુમાર નવીનચંદ્ર ત્રિવેદીનો જન્મ સલુણ મુકામે થયેલ. વર્ષોપર્યંત નડીયાદ મુકામે સ્થાયી થયેલ છે. સ્વભાવે સરળ હોવાને કારણે તેઓને નડીયાદ જીલ્લામાં તથા આણંદ જિલ્લામાં ખુબ જ નામના મેળવેલ છે.

ધવલભાઈના લગ્નમાં ૧૯૯૯ની સાલમાં નિશાબેન સાથે થયેલ. સંતાનમાં તેઓ બે પુત્રો ધરાવે છે. મોટો આયુષ - દિકરો બી.ઈ. ઈલેક્ટ્રીક થયેલ છે. નાનો પુત્ર હેમ ધો-૮માં અભ્યાસ કરે છે.

ધવલભાઈ ત્રિવેદી - શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારીના સભ્ય, બાજખેડાવાળ સમાજ નડિયાદમાં કારોબારી સભ્ય તથા ઘણા બધા હોદ્દાઓ પર સેવાઓ આપેલ છે. બાજખેડાવાળ સમાજ સંચાલિત કો-ઓપરેટીવ કન્ઝ્યુમર સ્ટોર્સમાં પણ સેવાઓ આપેલ છે. બ્રહ્મ સમાજ તથા ભારતીય જનતા પાર્ટીમાં પણ તેઓ સક્રીય છે. વકીલ મંડળોમાં પણ તેઓ સક્રિય છે.

છેલ્લા ૮ વર્ષથી તેઓ દ્વારા સંસ્થાને અવિરતપણે દાન મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫માં રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - અતિથિ વિશેષશ્રી

શ્રી પ્રિતીબેન સુધીરકુમાર મહેતા

જન્મતારીખ : ૨૫-૦૪-૧૯૭૨

અભ્યાસ : એમ.કોમ.

મૂળવતન : ઉમરેઠ

હાલ : ગાંધીનગર

પ્રિતીબેનના શુભ લગ્ન નડીયાદ નિવાસી સુધીરકુમાર સુરેશચંદ્ર મહેતા સાથે ૧૯૯૬માં થયેલ. સુધીરકુમાર મહેતા એલ.આઈ.સી.માં અનેકવિદ પદો પર નોકરી કરી હાલ રાજકોટ ખાતે આસી. ડીવીઝનલ મેનેજર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓના સુપુત્ર ચિ. હર્ષિલ એમ.બી.બી.એસ. પાસ થયેલ છે. હાલ એમ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે. તેઓશ્રી હાલ ડી.ડી. દેસાઈ ઈન્સ્ટીટ્યુટમાં ડૉક્ટર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

પ્રિતીબેનને ભજનો ગાવાનો, ભજનો લખવાનો, ઘર શુશોભીત કરવાનો શોખ છે. હાલ તેઓ રાજકોટમાં કુટુંબ સાથે રહે છે.

છેલ્લા ચાર વર્ષથી સંસ્થાને અવિરતપણે દાન મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – અતિથિ વિશેષશ્રી

શ્રી મુકેશકુમાર કાંતિલાલ દવે

જન્મતારીખ : ૦૬–૧૦–૧૯૬૧

અભ્યાસ : બી.એસ.સી.

મૂળ વતન : ઉમરેઠ, હાલ – આણંદ

વ્યવસાય : એગમાર્ગ કેમીસ્ટ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા લાંબો સમય અમૂલ ડેરીમાં સેવા આપી હાલ નિવૃત

મુકેશકુમારના શુભલગ્ન ખંભાત નિવાસી હર્ષાબેન રામનારાયણ ત્રિવેદી સાથે ૧૯૮૭ની સાલમાં થયેલ. તેઓના સંતાનમાં નિશાબેન તથા નેહાબેન બે પુત્રી રત્નો છે. તેઓ શ્રી હાલ આણંદમાં જીવન વિતાવે છે.

નિશાબેનના લગ્ન સચીન જીતેન્દ્રકુમાર દવે સાથે થયેલ છે. તેઓને દેવાંશી નામની પુત્રી છે.

નેહાબેનના લગ્ન ખંજનકુમાર સમીરભાઈ ભટ્ટ સાથે થયેલ છે. તેઓને હવિષા નામની પુત્રી છે.

મુકેશકુમાર કાંતિલાલ દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી તરીકે, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.– સહમંત્રી તરીકે, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં સહમંત્રી તરીકે વર્ષોથી સેવા આપે છે. બાજખેડાવાળ મંડળ આણંદમાં ખજાનચી તરીકે સેવાઓ આપે છે.

અત્યાર સુધીમાં ૫ વખત સંસ્થાને દાન મળેલ છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – ખુરશીનું સૌજન્ય



શ્રી દેવાંશી કૌશલકુમાર દણાંક

જન્મતારીખ : ૦૯–૦૭–૧૯૮૫
માતા : કલ્પનાબેન કિરીટકુમાર દવે
પિતા : કિરીટકુમાર મંગુપ્રસાદ દવે
અભ્યાસ : બી.એસ.સી., એમ.એસ.સી. (હોમ સાયન્સ)

દેવાંશીબેનના શુભ લગ્ન અમદાવાદ નિવાસી શ્રી કૌશલકુમાર યોગેશકુમાર દણાંક સાથે ૨૦૦૬માં યોજાયેલ. કૌશલકુમાર ઈન્ગરસોલ્ડ રેન્ડ કંપનીમાં અમદાવાદ મુકામે નોકરી કરે છે. તેઓની પુત્રીનું નામ રૂત્વા દણાંક છે. દિકરી રૂત્વા ધોરણ ૭માં અભ્યાસ કરે છે. દેવાંશીબેન સફળ ગૃહિણી તરીકે અમદાવાદ મુકામે તેમના પરિવાર સાથે રહે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – સાઉન્ડનું સૌજન્ય

શ્રી શીવાંગી જતીનકુમાર ઠાકર

જન્મતારીખ : ૧૫–૧૦–૧૯૮૬
માતા : કલ્પનાબેન કિરીટકુમાર દવે
પિતા : કિરીટકુમાર મંગુપ્રસાદ દવે
અભ્યાસ : બી.એસ.સી. (હોમ સાયન્સ)

શીવાંગીબેનના શુભ લગ્ન મૂળ સોજીત્રા હાલ વિદ્યાનગર નિવાસી શ્રી જતીનકુમાર શાંતિલાલ ઠાકર સાથે ૨૦૦૮માં યોજાયેલ. જતીનકુમાર નડિયાદ સ્થિત નોલેજ હાઈસ્કૂલ ખાતે હાયર સેકન્ડરી વિભાગમાં ફિઝિક્સના શિક્ષક તરીકે સેવાઓ આપે છે. વિદ્યાનગર સ્થિત કુટુંબીજનો સાથે જીવન ગુજારે છે. તેઓના પુત્રનું નામ પ્રથમ ઠાકર છે. દિકરો પ્રથમ ધોરણ ૫માં અભ્યાસ કરે છે. શીવાંગીબેન સફળ ગૃહિણી તરીકે વિદ્યાગનગર મુકામે તેમના પરિવાર સાથે રહે છે.

ઉપરોક્ત બંને બહેનો તરફથી છેલ્લા ૧૦ વર્ષથી અવિરતપણે દાન મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ - બપોરના ભોજનનું સૌજન્ય

શ્રી દિગ્ના પ્રણવ જોષી

મૂળ ઉમરેઠના વતની સ્વ. શ્રી રમેશચંદ્ર મોતીલાલ દવે અને સ્વ. શ્રી ધારીણીબેનના પ્રથમ સંતાન દિગ્નાનો જન્મ સને ૧૯૮૩માં થયેલ. માતા-પિતા પાસેથી સંસ્કારોનું સિંચનની સાથે સાથે મામા-મામી શ્રી કિરીટકુમાર મંગુપ્રસાદ દવે (પ્રમુખ - શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા - અમદાવાદ, પ્રમુખ - શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી લી.) કલ્પનાબેન પાસેથી સામાજિક શીખ પ્રાપ્ત કરી અને બેચલર ઓફ સાયન્સ વીથ કેમેસ્ટ્રીનો અભ્યાસ ગોધરા મુકામે પુરો કરેલ.

ત્યારબાદ નડીયાદના વતની શ્રી હેમાબેન અને શશીકાન્ત નંદલાલ જોષીના પુત્ર પ્રણવ જોષી (એડવોકેટ એન્ડ નોટરી) સાથે લગ્નજીવન પ્રારંભ કરેલ. નવીનતમ વિચારોની સાથે સાસુ હેમાબેને વહુને દિકરી તરીકે સ્વીકારી અને લગ્ન બાદ અભ્યાસ ચાલુ કરવા પ્રેરણા આપેલ. આ માટે ગૃહસ્થી જીવનની સાથે ભણતર આગળ વધારવા માટે સાસુ-સસરા એ સતત સાનુકૂળ વાતાવરણ ઉભુ કરી આપેલ. જેના કારણે તેઓએ એલ.એલ.બીની ડીગ્રી પ્રાપ્ત કરેલ. ત્યારબાદ બાળકો ઝીલ (હાલ કોલેજમાં અભ્યાસ) તથા ધ્યાન (હાલ ધો. ૭ અભ્યાસ)માં કરેલ. પતિના ખભે થી ખભો મેળવી અને ભારત સરકાર દ્વારા નોટરી પબ્લીક તરીકે નિમણૂંક મેળવેલ. આ સાથે સાથે શ્રી સંતરામ મંદિરના પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ દ્વારા તેઓને વાસ્તુવિશારદની માનદ પદવી આપવામાં આવેલ. તેમજ સામાજિક સેવામાં સને ૨૦૧૮થી વોટસએપ્સના માધ્યમથી બાજ મેટ્રોમોનીયલ ગ્રુપ નિ:શુલ્ક ચલાવી રહેલ છે. તેમજ સામાજીક સેવામાં અગ્રેસર રહેવાનો અને નવીન જગ્યાએ ફરવાનો તેઓને શોખ છે.

છેલ્લા ૫ વર્ષથી અવિરતપણે દાન મળેલ છે.

જય મહારાજ

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – બપોરના ભોજનનું સૌજન્ય

શ્રી વર્ષાબેન શૈલેષકુમાર જોષી

વર્ષાબેન સ્વ. અમુલખરાય ગણપતરામ ઠાકર અને સ્વ. ભારતીબેનના પુત્રી થાય. તેમના લગ્ન સ્વ. શ્રી નટવરલાલ સોમેશ્વર જોષી અને સ્વ. જયાબેનના પુત્ર શૈલેષભાઈ સાથે થયા.

શૈલેષભાઈ શ્રી અખિલ ભારતીય હિતવર્ધક સભાના ટ્રસ્ટી અને શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ અમદાવાદના સલાહકાર છે. શૈલેષભાઈ અને વર્ષાબેન વર્ષોથી જ્ઞાતિ સેવા અને સામાજીક કાર્યોમાં પ્રવૃત્ત છે.

વર્ષાબેન શાંત, મૃદુભાષી અને કાર્યશીલ છે. તેમના ત્રણ પુત્રો પૈકી વરૂણ તેની પત્ની મોનિકા અને પુત્ર શિવાત્મ સાથે હાલમાં મનીલા–ફિલીપીન્સમાં રહે છે અને યુ.એસ. કંપનીમાં ફરજ બજાવે છે. વચલો પુત્ર પ્રિયંક આઈ.આઈ.ટી. દિલ્હીમાં રીસર્ચ સ્કોલર કમ ટીચીંગ ફેકલ્ટીમાં છે. નાનો પુત્ર મહર્ષિ ગ્રેજ્યુએશન પૂર્ણ કરી સંગીત ક્ષેત્રે પ્રવૃત્ત છે. ત્રણે પુત્રોના શિક્ષણ અને ઉજ્જવલ કારકીર્દી માટે વર્ષાબેને અથાગ મહેનત કરી છે.

વર્ષાબેન શૈલેષભાઈ નટવરલાલ જોષી પરિવાર તરફથી હરહંમેશ જ્ઞાતિ સમાજની વિવિધ સંસ્થાઓને સહયોગ મળતો રહે છે.

શ્રી વર્ષાબેન દ્વારા છેલ્લા ૧૫ અધિવેશનથી અવિરતપણે મોટી રકમનું દાન મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – બેનરનું સૌજન્ય

શ્રી શૈલેષકુમાર રમણલાલ દવે
બી.કોમ., એલ.એલ.બી. એડવોકેટ

આપને જન્મ તારીખ ૦૫–૦૮–૧૯૫૫ના રો પુણ્યસલીલામાં રેવાને કાંઠે ભરૂચમાં ધર્મપરાયણ દંપતિ સુમનબેન તથા રમણલાલને ત્યાં થયો બી.કોમ., એલ.એલ.બી. સુધીનું શિક્ષણ ભરૂચમાં જ પ્રાપ્ત કરી ભરૂચને કર્મસ્થાન બનાવ્યું.

જિલ્લા પંચાયત ભરૂચમાંથી સન –૨૦૧૩માં વયમર્યાદા હેઠળ નિવૃત્ત થયા ફરજ દરમ્યાન કર્મચારી યુનિયનમાં સેક્રેટરી–પ્રમુખપદ તથા કર્મચારી સોસાયટીમાં પ્રમુખપદ પર રહી માર્ગદર્શક તરીકે ચાહના મેળવી.

બાજખેડાવાળ સમાજ ભરૂચના ૩૦ વર્ષોથી કારોબારી સભ્ય તરીકે સક્રિય રહી સેક્રેટરી તેમજ પ્રેસીડન્ટ પદે રહી જ્ઞાતિના વિકાસના કાર્યો કર્યા. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તેમજ શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના કારોબારી સભ્ય તરીકે કાર્યરત છે.

ભરૂચ બાજખેડાવાળ સમાજમાં ટ્રસ્ટી, ધી ભરૂચ જિલ્લા શ્રી પરશુરામ ક્રેડીટ સોસાયટીમાં પ્રેસીડન્ટ, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ભરૂચ જિલ્લામાં સેક્રેટરી અને ટ્રેઝરર તરીકે સેવાઓ આપી બ્રહ્મસમાજ ભરૂચ શહેરમાં સેક્રેટરી તરીકે સેવાઓ આપી એડવાઈઝર તરીકે કાર્યરત છે. બ્રહ્મ સોશિયલ ગ્રૂપ ભરૂચમાં સંગઠનમંત્રી, કિસાન સંઘ ગુજરાતના ઉપપ્રમુખ, પેન્શન મંડળ ભરૂચના કારોબારી સભ્ય છે.

આર.સી.સી. ભરૂચમાં ટ્રેઝરર, જોઈન્ટ સેક્રેટરી તરીકે સેવાઓ આપી પ્રેસીડન્ટ તરીકે નિયુક્ત થયા છે. જાયન્ટ ઓફ ભરૂચના સભ્ય તરીકે કાર્યરત છે.

આપે વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચપદ ઉપર રહીને સમાજ ઉપયોગી, કલ્યાણકારી કાર્યો દ્વારા લોકચાહના મેળવી સમાજ ઉપયોગી આપની ગૌરવશાળી સેવાભાવનાએ આપના વ્યક્તિત્વનું જમા પાસુ છે.

છેલ્લા ઘણાં વર્ષોથી અવિરતપણે સૌજન્ય મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – મીનરલ વોટરનું સૌજન્ય

Name	:	Mauleshkumar R. Mehta
Education	:	B.Com. LLB., Practice As Advocate at Nadiad, Anand, Ahmedabad District Giving service as Treasurer at Bajkhedaval Samaj Nadiad also contacted with religious and Social institutions and giving Honorary Legal Service to them
Father	:	Late Rameshchandra Jayanandbhai Mehta he was advocateand Notary public Government of India also Notary public Government of India also secretary of Gujarat Khadut Samaj President of Railway Bar Association he was also president of Bajkhedaval Vayastk Mandal we was giving is legal and social to charitable and social Institutions
Mother	:	Harshaben Daughter of Late Harilal Bhatt grand daughter of Pranshankar Bhatt Ahmedabad
Wife	:	Bhavnaben Royal Family Navanagar now Jamnagar her great grand father Jam Ranjitsinhji on who's name we play cricket Ranjit Trophy and also one another trophy play on her family Duleep trophy
Daughter	:	Ruchira She has down BBA in sales and marketing
Son	:	Jyotirmay studying in Dentel he is tennis and soft tennis player he has represented INDIA in Phillipeans and also represented Gujarat in other state.

છેલ્લા ઘણાં વર્ષોથી અવિરતપણે સૌજન્ય મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ - નાસ્તાનું સૌજન્ય

શ્રી હર્ષાબેન મુકેશકુમાર દવે

જન્મતારીખ : ૦૬-૦૨-૧૯૬૬

અભ્યાસ : બી.કોમ.

મૂળ વતન : ખંભાત, હાલ - આણંદ

વ્યવસાય : પોસ્ટ ઓફીસ, આણંદ - કલાર્ક

હર્ષાબેન શુભલગ્ન પેટલાદ નિવાસી મુકેશકુમાર કાંતિલાલ દવે સાથે ૧૯૮૭ની સાલમાં થયેલ. તેઓના સંતાનમાં નિશાબેન તથા નેહાબેન બે પુત્રી રત્નો છે. તેઓ શ્રી હાલ આણંદમાં જીવન વિતાવે છે.

નિશાબેનના લગ્ન સચીન જીતેન્દ્રકુમાર દવે સાથે થયેલ છે. તેઓને દેવાંશી નામની પુત્રી છે.

નેહાબેનના લગ્ન ખંજનકુમાર સમીરભાઈ ભટ્ટ સાથે થયેલ છે. તેઓને હવિષા નામની પુત્રી છે.

મુકેશકુમાર કાંતિલાલ દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં કારોબારી સભ્ય તરીકે વર્ષોથી સેવા આપે છે. બાજખેડાવાળ મંડળ આણંદમાં ખજાનચી તરીકે સેવાઓ આપે છે.

૭ વર્ષથી અવિરતપણે સૌજન્ય મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – નાસ્તાનું સૌજન્ય

શ્રી કલ્પનાબેન કિરીટકુમાર દવે

જન્મતારીખ : ૦૨–૧૦–૧૯૬૧
અભ્યાસ : બી.એસ.સી.
મુળવતન : મહૂધા
રહેવાસી : નડીયાદ

કલ્પનાબેનના શુભ લગ્ન આણંદ સ્થિત કિરીટકુમાર મંગુપ્રસાદ દવે સાથે ૧૯૮૪માં થયેલ. કલ્પનાબેન નાની ઉંમરથી સંયુક્ત કુટુંબની જવાબદારી શોભાવતા હતા. જે વર્ષોપર્યંત નિભાવી રહેલ છે. બાળકોના ઉછેર તેમજ ભણાવવા ગણાવવામાં તેમનો ખૂબ જ મોટો ફાળો છે. જ્ઞાતિ સમાજની સેવા માટે તેમણે તેમના પતિશ્રી કિરીટકુમાર દવેને આગળ કરેલા જેના કારણે કિરીટકુમાર દવે સમાજની સેવાઓ કરી શકે છે. કિરીટકુમાર દવે વર્ષોપર્યંત અંબિકા મીલમાં નોકરી કરતા હતા. ત્યારબાદ તેઓ બાંધકામ તથા ધીરધારનો ધંધો આણંદમાં રહી કરે છે.

પુત્રી – દેવાંશી કૌશલકુમાર દણાંક, (પૌત્રી – ઋત્વા) અમદાવાદ મુકામે વૈવાહિક જીવન વિતાવે છે.

પુત્રી – શિવાંગી જતીનકુમાર ઠાકર, (પૌત્ર – પ્રથમ) વિદ્યાનગર મુકામે વૈવાહિક જીવન વિતાવે છે.

પુત્ર – રૂચીર દવે હાલ બ્રાંન્ચ મેનેજર તરીકે એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેંક નડિયાદ ખાતે ફરજ બજાવે છે. તેના શુભ લગ્ન રિદ્ધી સાથે ૨૦૧૭માં થયેલ છે. તેમની પુત્રી ધન્વી સિનિ. કે. જી.માં ભણે છે. બીજી પુત્રી મિષ્કા ૨ વર્ષની છે.

કલ્પનાબેનને ધાર્મિક તથા નવા નવા સ્થળોએ ફરવાનો – નાટક તથા સિનેમા જોવાનો અને નવી નવી રસોઈ બનાવવાનો શોખ છે.

કિરીટકુમાર દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી તથા બાજખેડાવાળ મંડળ આણંદમાં ૧૯૮૮ની સાલથી સેવાઓ આપી અનેક વિવિધ હોદ્દા ભોગવી હાલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી તથા બાજખેડાવાળ મંડળ આણંદમાં પ્રમુખ તરીકે સેવાઓ આપે છે. ૨૦૦૪થી અવિરતપણે નાસ્તાના સૌજન્યમાં દાન મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ - નાસ્તાનું સૌજન્ય

શ્રી હરસુતાબેન જયેન્દ્રકુમાર દણાક

જન્મતારીખ : ૨૪-૧૦-૧૯૫૩

વતન : આણંદ

અભ્યાસ : BA, MA, with Lib. Sc. *(લાયબ્રેરી સાયન્સ)*

હરસુતાબેનના લગ્ન ૧૯૭૭ની સાલમાં મુળ-મહુધાના વતની જયેન્દ્રકુમાર શીવપ્રસાદ દણાક સાથે અમદાવાદ મુકામે થયેલ. હરસુતાબેને N.D.D.B. *આણંદ ખાતે અંબિકા મીલ અમદાવાદ ખાતે લાઈબ્રેરીયન તરીકે નોકરી કરેલ છે. હાલ તેઓ અમદાવાદ ખાતે નિવૃત્ત જીવન વિતાવે છે.*

પુત્ર : *ખંજન ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેંક - નડીયાદ ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે તથા નડીયાદ - આણંદ બોરસદ - વિદ્યાનગર બ્રાન્ચના કલસ્ટર હેડ તરીકે ફરજ બજાવે છે. તેઓના લગ્ન જયનાબેન સાથે થયેલ છે. તેમને કિર્તન નામનો પુત્ર છે.*

પુત્રી : *નિરલ નિલેશકુમાર ડોળીયા, અમદાવાદ મુકામે રહે છે. તેમનો પુત્ર કાર્તિક મીકેનીકલ એન્જીનીયર થયેલ છે.*

હરસુતાબેનને ભજન-કિર્તન તથા ધાર્મિક સ્થળોએ ફરવાનો શોખ છે.

જયેન્દ્રકુમાર નૂતન મીલમાં વર્ષોપર્યંત નોકરી કર્યા બાદ પોતે શેરબજારનો તથા સ્ટોક એક્ષચેન્જનું કામ કરતા હતા તેઓશ્રી પોસ્ટ એફ.ડી. તેમજ અન્ય કંપનીઓની ડિપોઝીટો સાથે સંકળાયેલા હતા હાલ નિવૃત્ત જીવન કુટુંબ સાથે અમદાવાદમાં વિતાવે છે.

છેલ્લા ૪ વર્ષોથી અવિરતપણે સૌજન્ય મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના–મ્યુઝિકલ એરકેસ્ટ્રાનું સૌજન્ય

શ્રી પુષ્પલબેન રિંજલકુમાર પંડ્યા

જન્મતારીખ : ૨૨–૦૬–૧૯૮૮

મૂળ વતન : ડાકોર

અભ્યાસ : બી.કોમ., એમ.કોમ.

પુષ્પલબેનના પિતા સ્વ. સતિષચંદ્ર મોહનલાલ દવે (જલારામ ડેરી, ડાકોર) અને માતા ઉર્મિલાબેન સતિષચંદ્ર દવે છે. હાલ ડાકોર સ્થિત જલારામ ડેરીનું સંચાલન તેઓના ભાઈશ્રી મેહુલકુમાર સતીષચંદ્ર દવે કરે છે.

પુષ્પલબેનના લગ્ન આણંદ નિવાસી દિલીપકુમાર છોટાલાલ પંડ્યા તથા જયશ્રીબેન દિલીપકુમાર પંડ્યાના સુપુત્ર રિંજલકુમાર દિલીપકુમાર પંડ્યા સાથે ૨૦૧૩માં થયેલ છે.

રિંજલકુમાર દિલીપકુમાર પંડ્યા હાલ વડોદરા ખાતે આવેલ કંપનીમાં જોબ કરે છે. તેઓશ્રી જ્ઞાતિના સેવા કાર્ય માટે સદાય તૈયાર હોય છે.

પુષ્પલબેન કુશળ ગૃહિણી હોવાની સાથે એકાઉન્ટન્ટની જોબ કરે છે અને સુંદર રીતે ગૃહસ્થ જીવન ચલાવે છે. પુષ્પલબેનને સંતાનમાં એક જયલ નામનો દીકરો છે. જેનો જન્મ ૨૦૧૫માં થયેલ છે અને હાલ ધોરણ–૪માં અભ્યાસ કરે છે.

તેઓના પરિવારે ૩૫માં રાષ્ટ્રીય અધિવેશનને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી છે.

છેલ્લા ૨ વર્ષોથી સૌજન્ય મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના–મ્યુઝિકલ એરકેસ્ટ્રાનું સૌજન્ય

શ્રી રિંજલકુમાર દિલીપકુમાર પંડ્યા

જન્મતારીખ: ૨૫–૦૯–૧૯૮૭

મૂળવતન : આણંદ

અભ્યાસ : એમ.બી.એ.

રિંજલકુમારના પિતા દિલીપકુમાર છોટાલાલ પંડ્યા તથા માતા જયશ્રીબેન દિલીપકુમાર પંડ્યા છે. રિંજલકુમારના પિતાશ્રી કર્મકાંડનો વ્યવસાય કરે છે. રિંજલકુમારના લગ્ન ડાકોર નિવાસી સ્વ. સતીષચંદ્ર એમ. દવે (શ્રી જલારામ ડેરી, ડાકોર)ની દીકરી પુષ્પલ સાથે થયા છે. રિંજલકુમાર હાલ બરોડા જોબ કરે છે અને બાજખેડાવાળ સમાજમાં સેવાકાર્યમાં મદદરૂપ થાય છે.

રિંજલકુમારના પત્ની કુશલ ગૃહિણી હોવાની સાથે એકાઉન્ટન્ટની જોબ કરે છે. રિંજલકુમારને એક દીકરો છે. જેનું નામ જયલ પંડ્યા છે. જયલ હાલ ધોરણ–૪માં અભ્યાસ કરે છે.

રિંજલકુમારના પરિવારે ૩૫માં રાષ્ટ્રીય અધિવેશનને શુભકામનાઓ પાઠવી છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના–મ્યુઝિકલ એરકેસ્ટ્રાનું સૌજન્ય

શ્રી રમાબેન કાંતિલાલ જોષી

જન્મતારીખ: ૧૪–૦૪–૧૯૪૩

મૂળવતન : ઉમરેઠ, હાલ–અમદાવાદ

અભ્યાસ : પી.ટી.સી.

કારકીર્દી : રમાબેનના લગ્ન અમદાવાદ (મુળ–ઉમરેઠ) નિવાસી કાંતિલાલ સી. જોષી સાથે થયેલ છે.

કાંતિલાલ જોષી બી.ઓ.બી. બેંકમાં મેનેજર તરીકેની સેવાઓ આપી. હાલ નિવૃત્ત છે.

રમાબેન તેમનો અભ્યાસ પૂર્ણ કરી ગોધરા મુકામે શિક્ષીકા તરીકે કારકીર્દી શરૂઆત કરેલ. ત્યારબાદ લગ્ન થવાથી અમદાવાદ મુકામે શીફ્ટ થઈ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં નગર પ્રાથમિક શિક્ષણ વિભાગમાં નિવૃત્ત પર્યંત શિક્ષીકા તરીકે સેવાઓ આપેલ છે.

તેમને બે પુત્રો છે. જેમાં મોટો પુત્ર હિરેન કે જે સીવીલ એન્જીનીયર છે અને અમેરીકા મુકામે ગર્વમેન્ટ જોબ છે. તેઓની પત્ની નિલમ તથા બે દિકરીઓ સાથે અમેરીકામાં સ્થાયી થયેલ છે તથા નાનો પુત્ર ઉર્વીશ કે જેઓ બી.કોમ. પછી પોતાનો કોમ્પ્યુટર ગ્રાફીક્સનો વ્યવસાય કરે છે. તેમની પત્ની નિધી તથા એક દિકરી સાથે અમદાવાદમાં સ્થાયી થયેલ છે.

રમાબેન તથા કાંતિભાઈ તેમનું નિવૃત્ત જીવન નાના પુત્ર ઉર્વીશ સાથે હાલ અમદાવાદમાં વિતાવે છે.

છેલ્લા ૨ વર્ષોથી સૌજન્ય મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ - અધિવેશન પાસનું સૌજન્ય

શ્રી રિદ્ધિ રૂચિર દવે

જન્મતારીખ : ૦૩-૧૧-૧૯૯૪

જન્મ સ્થળ : મહેમદાવાદ

અભ્યાસ : બી.બી.એ., એમ.બી.એ. (એચ.આર.)

માતા : પ્રતિમાબેન મહેશભાઈ મહેતા

પિતા : મહેશભાઈ અંબાલાલ મહેતા

સાસુ : કલ્પનાબેન કિરીટકુમાર દવે

સસરા : કિરીટકુમાર મંગુપ્રસાદ દવે

રિદ્ધિબેનના શુભ લગ્ન આણંદ નિવાસી રૂચિર કિરીટકુમાર દવે સાથે ૨૦૧૭માં થયેલ. રૂચિર કિરીટકુમાર દવે એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેન્ક, નડિયાત ખાતે મેનેજર તરીકે નોકરી કરે છે. રિદ્ધિબેનને ધનવી નામની દિકરી છે જે સિનિ. કે.જી.માં અભ્યાસ કરે છે અને તેઓની બીજી દિકરીનું નામ મિષ્કાબેન છે

રિદ્ધિબેન વધુ અભ્યાસ હોવા છતાં સુંદર રીતે કુટુંબ સાથે ગૃહસ્થ જીવન વિતાવે છે.

રિદ્ધિ ખૂબ સુંદર જમવાનું બનાવવાનો, ફરવા જવાનો શોખ ધરાવે છે.

તેઓ છેલ્લા ૮ વર્ષોથી અવિરતપણે સૌજન્ય મળે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – ફોટોગ્રાફીનું સૌજન્ય

શ્રી રૂચીર કિરીટકુમાર દવે

જન્મતારીખ : ૨૬–૦૭–૧૯૯૩

જન્મ સ્થળ : આણંદ

અભ્યાસ : બી.બી.એ., એમ.બી.એ.

વ્યવસાય : એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેન્ક, મેનેજર, નડિયાદ

માતા : કલ્પનાબેન કિરીટકુમાર દવે

પિતા : કિરીટકુમાર મંગુપ્રાસદ દવે

પત્ની : રિદ્ધિબેન રૂચિર દવે

બાળકો : ધનવી અને મિષ્કા

રૂચીરકુમારને ફરવાનો, નવું નવું જાણવાનો, શોખ છે. સામાજિક પ્રવૃત્તિમાં રૂચિ ઓછી ધરાવે છે અને પિતાની દરેક પ્રવૃતિમાં મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ - ફોટોકૃતિનું સૌજન્ય

શ્રી અતુલકુમાર નટવરલાલ ડોળિયા

શ્રી અતુલ નટવરલાલ ડોળીયા વતને નરસંડા જન્મ તા. ૧૨-૭-૧૯૬૬ જન્મ સ્થળ ડાકોર મુકામે માતા નિરંજનાબેનની કુખે અને પિતા નટવરલાલ ડોળિયાના ઘરે થયો હતો.

ત્રણ ભાઈઓમાં અતુલભાઈ બીજા નંબરના સંતાન હતા. અભ્યાસ તેમણે પ્રાથમિક તથા માધ્યમિક અને ટેકનીકલ શિક્ષણ પૂર્ણ કરી તા. ૧-૨-૧૯૮૯માં રેફ્રિજરેશન મિકેનીક તરીકે જી.એસ.પી.સી. કોસંબામાં અને હાલ વડોદરા સી.ઈ.પી. લોજેસ્ટીકમાં ફરજ બજાવે છે. તેમના પરિવારમાં પત્ની અ.સૌ. પલ્લવીબેન બે દિકરીઓ અ.સૌ. અર્પિતાબેન સુજિષકુમાર તથા અ.સૌ. ધ્વનિબેન જૈમિકકુમાર જોષી તથા જૈવિત્ય, રિવાક્ષના નાના થયેલ છે.

ભરૂચ શહેરને પોતાની કર્મભૂમિ બનાવી શ્રી ભરૂચ બાજખેડાવાળ હિતવર્ધક સમિતિમાં કારોબારીમાં જોડાયા અને જ્ઞાતિના હિત ઉપયોગી કાર્યોની શરૂઆત કરી અને ધીરે ધીરે ભરૂચ હિતવર્ધક સમિતિમાં ઉપપ્રમુખ પદ પર પણ કાર્ય કર્યું.

ત્યારબાદ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદમાં સભ્ય બની કારોબારીમાં પણ સમાજ કાર્ય કરવા તેમજ રાષ્ટ્રીય અધિવેશનમાં પણ સમાજના કાર્યમાં ખભેથી ખભો મીલાવી તેમજ વખતો વખત થતી મેરેજ કોન્ફરન્સમાં પણ એક સનિષ્ઠ કાર્યકર તરીકે ફરજ બજાવી પોતાનું સમાજ માટેનું પ્રામાણિક પણે કર્તવ્ય નિભાવ્યું છે અને હજુ પણ સમાજના કાર્યને પોતાની ફરજ સમજી નિભાવવા સદા તૈયાર છે. છેલ્લા ઘણાં વર્ષોથી સૌજન્ય મળે છે.

જય જય પરશુરામ

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ - સ્વાગત સૌજન્ય

શ્રી તરલ (રાકેશ) મહેન્દ્રપ્રસાદ ભટ્ટ

શ્રી તરલ (રાકેશ) મહેન્દ્રપ્રસાદ ભટ્ટ ખૂબ જ સેવાભાવી કાર્યકર છે.

હાલ તેઓ ટાટા મોટર્સ કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી રહ્યા છે.

પરિવારમાં પત્ની પ્રિતી ભટ્ટ તેઓના સેવા કાર્યમાં સદાય સહભાગી હોય છે. તેઓની એક દિકરી શ્વેતા સૂરજકુમાર મહેતા હાલ અમદાવાદ મુકામે પોતાના સસુરગૃહે રહે છે અને એમ.એન.સી.કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર સુરજકુમાર અને શ્વેતા ફરજ બજાવે છે.

તરલભાઈ ભટ્ટ વર્ષોથી જ્ઞાતિસમાજના વિવિધ મંડળોમાં સેવાઓ બજાવે છે.

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજમાં પ્રમુખ તરીકેની સેવાઓ આપે છે.

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળમાં ઉપપ્રમુખ તરીકેની સેવાઓ આપે છે.

શ્રી પ્રગતિ યુવક મંડળ દ્વારા આયોજિત જ્ઞાતિ સમાજના બાળકોને સમુહ યજ્ઞોપવિતના કાર્યનું સંપૂર્ણ સંચાલન ઘણા વર્ષોથી કરે છે અને હાલ મંત્રી તરીકેની સેવાઓ આપે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારી સભ્ય તેમજ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.માં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે. જ્ઞાતિના અન્ય મંડળોના સેવા કાર્યોમાં પણ તેઓ સદાય તત્પર રહે છે.

૨૦૦૪થી અવિરતપણે સ્વાગત સૌજન્યની સેવા આપે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – સંભારણાનું સૌજન્ય

શ્રી મેહુલકુમાર સતીષચંદ્ર દવે

જન્મતારીખ : ૨૬–૧૨–૧૯૮૦

અભ્યાસ : બી.કોમ.

મૂળ વતન : ડાકોર

રહેવાસી : શ્રી જલારામ ડેરી, વાણીયાની વાડી પાસે, ડાકોર

મેહુલકુમારના પિતાશ્રી સ્વ. સતીષચંદ્ર એમ. દવે તથા માતાશ્રી ગં.સ્વ. ઉર્મિલાબેન સતીષચંદ્ર દવે છે. હાલ ડાકોર સ્થિત શ્રી જલારામ ડેરીનું સંચાલન મેહુલકુમાર તથા માતાશ્રી ઉર્મિલાબેન કરે છે. આજે પણ ડાકોરમાં શ્રી જલારામ ડેરી આગવી ઓળખ ધરાવે છે. મેહુલકુમારના લગ્ન અમદાવાદ નિવાસી જીતેન્દ્રકુમાર ડાહ્યાલાલ દવેની સુપુત્રી હેતલ સાથે થયા છે. હેતલબેન પણ શ્રી જલારામ ડેરીના સંચાલનમાં જોડાયેલા છે. મેહુલકુમારને હાલમાં એક દીકરો છે. જેનું નામ કશ્યપ દવે છે. કશ્યપ ધોરણ–૧૦માં અભ્યાસ કરે છે. મેહુલકુમારના પરિવારમાં બે બહેનો છે. એક બહેન વૈશાલી સમીરકુમાર દવે. જેમના લગ્ન અમદાવાદ મુકામે એડવોકેટ સમીરકુમાર દવે સાથે થયા છે. જેમને બે દીકરી માર્મિકા અને સ્વસ્તિકા છે. બીજી બહેન પુષ્પલ રિંજલકુમાર પંડ્યા જેમના લગ્ન આણંદ મુકામે રિંજલકુમાર પંડ્યા સાથે થયા છે. જેમને એક દીકરો જયલ પંડ્યા છે જયલ ધોરણ–૪માં અભ્યાસ કરે છે.

મેહુલકુમારના પરિવારે ૩૫માં રાષ્ટ્રીય અધિવેશનને શુભકામનાઓ પાઠવી છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ - સંભારણાનું સૌજન્ય

શ્રી માર્મિકા સમીર દવે

માર્મિકા સમીર દવેનો જન્મ તા. ૨૧-૦૬-૨૦૦૭ના રોજ ડાકોર મુકામે થયેલ છે અને વૈશાલીબેન તથા સમીર સુભાષચંદ્ર દવેના મોટી પુત્રી છે. તેઓ હાલ ધો.૧૨માં અભ્યાસ કરે છે. તેઓ અભ્યાસમાં હોશિયાર છે અને અભ્યાસ સિવાયની અન્ય પ્રવૃત્તિઓમાં પણ ખૂબ જ આગવો રસ ધરાવે છે. તેઓએ સને ૨૦૧૬માં USMAS નામની કોમ્પીટીશનમાં ઈન્ટરનેશનલ લેવલે 3rd રેન્ક મેળવેલ હતો. આ ઉપરાંત કંઈકને કંઈક નવું કરવા હરહંમેશ તત્પર રહે છે.

તેઓ નાનપણથીજ માતા-પિતાના સાનિધ્યમાં ખૂબ જ ધર્મિષ્ઠ અને ભક્તિમય વાતાવરણમાં ઉછરેલા છે અને સામાજીક રીતે પણ તેઓને સમાજમાં બને તેટલું મદદરૂપ થવાની ભાવના ધરાવે છે.

માતા-પિતાનો અપારપ્રેમ અને નાની બહેન સ્વસ્તિકા સમીર દવે દ્વારા હેતથી ખૂબ જ સુંદર અને સ્વસ્થ જીવનજીવી રહ્યા છે.

૩૫માં રાષ્ટ્રીય અધિવેશનને શુભકામનાઓ પાઠવી છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ – દાતાશ્રી

શ્રી ગોપાલદાસ સોમનાથ ખંભોળજા

નામ : ગોપાલદાસ સોમનાથ ખંભોળજા
હાલનું સરનામું : ૫૦૩, યશ એવન્યુ, આમ્રકુંજ સોસાયટી પાસે, વી.કે.વી. રોડ, નડીયાદ–૩૮૭૦૦૧
વતન : ડાકોર
જન્મ તારીખ : ૧૫–૦૪–૧૯૪૪ લગ્ન તારીખ : ૦૭–૦૫–૧૯૬૯
શૈક્ષણિક લાયકાત : બી.એસ.સી. (૧૯૬૫), બી.એડ્. (૧૯૬૮)
પત્ની : શ્રીમતી અરૂણાબેન ગોપાલદાસ ખંભોળજા
સંતાનો : પુત્ર – શ્રી ઉત્પલકુમાર ગોપાલદાસ ખંભોળજા
પુત્રી – શ્રી પારૂલબેન ચંદ્રેશકુમાર પટેલ
કામધંધો : ૧૯૬૫ થી ૨૦૦૨ સુધી ખેડા જિલ્લામાં માધ્યમિક વિભાગમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષક તરીકે (કુલ ૩૭ શૈક્ષણિક વર્ષ) નોકરી કરી.

દરમ્યાન વર્ષ ૧૯૮૧થી “પારૂલ સ્ટુડિયો”ના બેનર હેઠલ ફોટોગ્રાફી–વિડિયોગ્રાફી કરી જે હવે મારો પુત્ર શ્રી ઉત્પલ સંભાળે છે.

તા. ૩૧–૦૫–૨૦૦૨થી વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા બાદ જુદી જુદી સંસ્થાઓમાં કાર્યરત છું જે નીચે મુજબ છે.

સભ્ય : લાયન્સ કલબ ઓફ નડીયાદ–નટપુર–૨૦૦૨થી
સભ્ય : વરિષ્ઠ ભુદેવ પરિવાર, નડીયાદ
સભ્ય : ન્યુ સિનિયર સિટીઝન કલબ (સંતરામ), નડીયાદ
આજીવન સભ્ય : જય મહારાજ સિનિયર સિટીઝન ટ્રસ્ટ, ખેડા જિલ્લો, નડીયાદ
પ્રમુખશ્રી : પેટલાદ રોડ, સિનિ સિટીઝન કલબ, નડીયાદ–વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧
સિનિયર સિટીઝન ફેડરેશનમાં કલબ પ્રતિનિધિ
સભ્ય : એથિક્સ કમિટી–મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પીટલ, નડીયાદ, વર્ષ ૨૦૧૯થી હજી ચાલુ
સ્થાપક મંત્રી : ન્યુ સિનિયર સિટીઝન કાઉન્સિલ, નડીયાદ – વર્ષ ૨૦૧૩–૧૪ થી ૨૦૧૫–૧૬ (ત્રણ વર્ષ)
મંત્રી : બાજખેડાવાળ વરિષ્ઠ નાગરિક મંડળ, નડીયાદ વર્ષ ૨૦૧૫–૧૬
ઉપપ્રમુખ : બાજખેડાવાળ વરિષ્ઠ નાગરિક મંડળ, નડીયાદ વર્ષ ૨૦૨૨–૨૩
ગુજરાત રાજય સિનિયર સિટીઝન ફેડરેશનમાં આજીવન સભ્ય

નામ	:	કુ. આયુશ્રી કેતન ત્રિવેદી (કેનેડા)
ઊંચાઈ	:	૫'–૫''
વજન	:	૬૫ કિલો
જન્મ તારીખ	:	૦૭–૦૯–૧૯૯૩
જન્મ સમય	:	૦૮.૧૦ સવારે
જન્મ સ્થળ	:	અમદાવાદ
અભ્યાસ	:	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સીંગ – યોર્ક યુનિવર્સિટી
વ્યવસાય	:	નોકરી
માસિક આવક	:	–
મૂળ વતન	:	ઉમરેઠ
માતાનું નામ	:	જાગૃતિ કેતન ત્રિવેદી
ભાઈ/બહેન	:	૧–ભાઈ–પરણિત
મોસાળ	:	સ્વ. રજનીકાંત ગણપતભાઈ દવે, ભદ્રાબેન દવે
પિતા	:	કેતન હરીહર ત્રિવેદી
સરનામું	:	Brampton, ON CANADA, L6P2Y6
ફોન નં.	:	+૧ (૬૪૭) ૭૧૭–૯૪૧૧
મોબાઈલ નં.	:	–
ઈ–મેઈલ	:	ketan_h@hotmail.com
સંપર્ક	:	હરીહર ત્રિવેદી (દાદા), ગીતા ત્રિવેદી (બા)
ફોન નંબર	:	(મો.) ૯૯૭૪૩૪૨૪૮૩
પસંદગી	:	–
નોંધ	:	હાલ કેનેડા, મંગળ – સાદો

ગોત્ર	:	કૌશિક
નક્ષત્ર	:	ભરણી–૪
રાશિ	:	મેષ
નાડી	:	મધ્ય
ગણ	:	મનુષ્ય
વર્ણ	:	મૃગ
યોનિ	:	ગજ
વર્ગ	:	–



નામ : ચિ. પાર્થ શૈલેષકુમાર દવે ઊંચાઈ : ૫'–૯'' વજન : ૬૩ કિલો
જન્મતારીખ : ૨૪–૧૧–૧૯૯૭ જન્મસ્થળ : મહેળાવ જન્મસમય : ૦૬.૨૫ સવારે
અભ્યાસ : ડીપ્લોમાં–મીકેનીકલ એન્જીનીયર, પોસ્ટ ગ્રેજ્યુએટ મીકેટ્રેનીકલ – કેનેડા
મૂળવતન : મહેળાવ વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૨,૫૦,૦૦૦/–
ગોત્ર : વચ્છસ
રાશિ : કન્યા
નક્ષત્ર : ફાલ્ગુની
નાડી : આધ્ય
માતાનું નામ : અમિતાબેન
ભાઈ/બહેન : ૧–ભાઈ–પરણિત
પિતાનું નામ : શૈલેષકુમાર ઈન્દુપ્રસાદ દવે
સરનામું : બી–૧૦૨, શ્યામ શક્તિ રેસીડન્સી, પરિવાર ચાર રસ્તા પાસે, વાઘોડીયા, ડભોઈ રીંગ રોડ, વડોદરા
ફોન/મોબાઈલ : ૯૯૨૫૦૭૩૬૪૫



નામ : ચિ. મનન અજયભાઈ ભટ્ટ ઊંચાઈ : ૫'–૮'' વજન : –
જન્મતારીખ : ૧૪–૦૭–૧૯૯૧ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૯.૧૮ રાત્રે
અભ્યાસ : બી.ઈ. (ઈલેક્ટ્રીકલ), પી.જી.ડી.સી., એન.પી.ટી.આઈ. નાગપુર
મૂળવતન : નડિયાદ વ્યવસાય : નોકરી
માસિક આવક : –
ગોત્ર : સમાનસ
રાશિ : સિંહ
નક્ષત્ર : મઘા–૩
નાડી : અંત્ય
માતાનું નામ : કલ્પાબેન અજયભાઈ ભટ્ટ
ભાઈ/બહેન : નથી
પિતાનું નામ : અજયભાઈ ભટ્ટ
સરનામું : એ–૨૦૧, વ્રજદીપ એપાર્ટમેન્ટ, દીપ આનંદ ફલેટ સામે, એલ. જી. કોર્નર, મણિનગર, અમદાવાદ–૮
ફોન/મોબાઈલ : ૯૫૫૮૨૪૬૭૬૭, ૭૮૭૮૦૨૧૭૯૫



Name	:	Chi. Kunjan Chetankumar Bhatt
Height	:	5‘-11’’
Weight	:	80 Kg.
Birth Date	:	25-06-1998
Birth Time	:	08.50 p.m.
Birth Place	:	Ahmedabad
Education	:	B.Voe Automobile Engineer
Profession	:	Business
Monthly Income	:	Rs. 55000/-
Native Place	:	Umreth
Mother Name	:	Artiben Chetankumar Bhatt
Borther/Sisters	:	-
Maternal Place	:	Akshay Rameshbhai Pathak
Father	:	Chetankumar Prabhushanker Bhatt
Address	:	501, Shyamgunaitrth Appt., Radhanpur Bus Stop Bhairavnath Road, Ahmedabad-380008
Phone No.	:	9998936666
Mobile No.	:	-
E-mail	:	chetanbhatt.travelorg@yahoo.com
Contact	:	Chetankumar P. Bhatt
Address	:	-
Phone	:	-
Choice	:	-
Note	:	-
Gotra	:	Lankanas
Nakshatra	:	Punarvasu
Rashi	:	Mithun
Nadi	:	Adhya
Gan	:	Dev
Varna	:	Shudra
Yoni	:	Manjar
Varg	:	Aries



Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO Ahmedabad on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024 LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024
Published on 27th Every Month

WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક “બાજખેડાવાળ પત્રિકા” આપ સર્વે http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

What's APP પર પત્રિકા મેળવવા માટે

છેલ્લા ઘણાં સમયથી પોસ્ટ ઓફિસમાં પત્રિકા નહી મળવાની તેમજ મોડી મળવાની ફરિયાદો આવે છે. જેમાં સંસ્થા દ્વારા કંઈ પણ કરી શકાય તેવી પરિસ્થિતિમાં નથી. પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP *માધ્યમથી દર મહિને જોઈ શકો છો જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે* What's APP *ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.*

માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે દ્વારા ઘર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810